સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ઉંઘમાંથી ઉઠાડીને રમત રમાઈ જાય છે,
ચાવી દીધેલાં ખિલોનાંથી ખેલ ખેલાઈ જાય છે!
ભેલાઈ જાય છે લોકશાહી સત્તાના સાંઠો દ્વારા -
સરમુખત્યારીનો પગરવ પમાઈ જાય છે!!
(રાજયપાલોની પ્યાદાંથી બદતર હાલત)

હાઈકુ

ચાણક્ય ચાલ -
કે, ન ખેલ બુદ્ધિનો -
છે ચાલબાજી!!
(મેલી છેતરપીંડી)

વિશ્વ આખામાં,.
માંડ સુધરી છાપ -
ધોવાઈ જાય...!
(ટૂંકા સાથે જાય તો માંદો થાય)

ચિંતન

લોકયાત્રા ભયં લજ્જા દાક્ષિણ્યં ત્યાગશીલતા ।
પંચતંત્ર ન વિધન્તે ન કુર્યાત્ તત્ર સંસ્થિતિમ્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્ય મેંટમાંથી લેવામાં આવેલ છે.

જે પ્રદેશમાં રોજીરોટી ન મળે, જવાનાં લોકોમાં ભય, શરમ, ઉદારતા અને દાન કરવાની વૃત્તિ ન હોય તે સ્થાનમાં ન રહેવું.

રોજીરોટી ન મળે ત્યાં રહેવાનો શો ફાયદો ? જે પ્રદેશમાં લોકોને રાજા, કે કાયદા કાનૂન અને દંડ નો ડર જ ન હોય ત્યાં સજ્જનોએ રહેવું નરક સમાન છે.

સ્વસ્થ સમાજના નિર્માણ માટે પ્રજામાં માન-મર્યાદા હોવી જોઈએ. જો પુરુષ અને સ્ત્રીઓમાં માન-મર્યાદા નહિ હોય તો નિરંકુશ સમાજનું નિર્માણ થશે. જયાંના લોકો બેશરમ હોય ત્યાં પશુઓ અને માણસોમાં કોઈ ફરક હોતો નથી.

સુવિચાર

- જે શ્રદ્ધામાં રખાવે છે તે પ્રજ્ઞા છે, વર્તન એટલે ચારિત્ર્ય - **આમસૂત્ર**
- પ્રકાશ એનું નામ કે 'ઠોકર' ના વાગે, ઠોકર વાગે તો જાણવું કે 'પ્રકાશ' હજી લાધ્યો નથી. જેટલું અજ્ઞાન તેટલી ઠોકરો - **દાદા ભગવાન**
- હું નફરતના નહીં, પ્રેમના પક્ષમા છું, હું બંધનના નહીં, પૂરી આઝાદીના પક્ષમાં છું - **જીવન પાથેય**
- મંઝિલો તેની જ બુલંધ થાય છે, જેની નીવ (મૂળ) ઊંડી અને મજબૂત હોય છે - **બોધીવૃક્ષ**
- જયાં સુધી આપણે અનુમતી નથી આપતા ત્યાં સુધી આપણા પર બીજાના વિચારોની અસર નથી થઈ શકતી - **બી.એન. દસ્તૂર**
- દલીલ કરે તે દાસ નહીં, અપીલ કરે તે શિષ્ય નહીં, ભાંજગડ કરે તે ભક્ત નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સવાર-બપોર-સાંજ ચાર-ચાર શિંગોડા, ખાવાથી ગર્ભ અને માતાને ઉત્તમ પોષણ મળે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઊંટડી અને એનું બચ્ચું ઝાડ નીચે બેઠા બેઠા વાતોએ વળગ્યા. બચ્ચાએ પૂછ્યું, 'આપણને પીઠ ઉપર ખૂંદ્ય કેમ છે? માતાએ કહ્યું 'આપણે રણમાં પ્રવાસ કરવાનો હોય છે. આ ખૂદ્યંમાં ભગવાને પાણીનો સંગ્રહ કરવાની કરામાત કી છે. આથી પાણી ન મળે તો પણ આપણે આપણું જીવન ટકાવી શકીએ છીએ.'' બચ્ચાએ ફરી પૂછ્યું, 'આપણા પગ આટલા લાંબા અને પગના પંજા ગોળ અને ગાદીવાળા હોવાનું કારણ શું?' માતાએ કહ્યું, 'રણમાં સરળતાથી ચાલી શકાય એ માટે કુદરતે આપણને વિશિષ્ટ પગ અને પંજા આપ્યા છે.' બચ્ચાએ ફરી પૂછ્યું, 'આપણી આંખ પણ પાંપણ આટલી લાંબી પહોળી શા માટે છે. મને તો પાંપણ ન ગમે. વળી મને એ જોવામાં આડશ આવે છે.' માતાએ કહ્યું, 'રણમાં પવન ફૂંકાય ત્યારે ઉડતી ડમરીથી રક્ષણ મેળવવા માટે આવી લાંબી. અને ઘટ્ટ પાંપણ આપણી આંખોનું રક્ષણ કરે છે.' બધા જવાબ સાંભળી બચ્ચું ઊંડા ઊંડા વિચારમાં પડી ગયું અને એણે માતાને કહ્યું, 'પાણીના સંગ્રહ માટે ખૂંદ્ય, રણમાં ચાલવા માટે વિશેષ પગ અને રેતીથી આંખના રક્ષણ માટે લાંબી પહોળી પાંપણ આપણી પાસે ઓછે તો પછી, આપણે અહીં અહીં પ્રાણીસંગ્રહાલયમાં શું કરીએ છીએ ?' સાર એ જ કે તમારા પાસેથી આવડત હોશિયારી ત્યારે જ કામ લાગે, જયારે તમે એને અનુરુપ યોગ્ય જગ્યા પર યોગ્ય સમયે હો તો, નહીતર બધું જ નક્કામું છે.

કોર્ટોની કોર્ટના શિરે કેટકેટલી જવાબદારીઓ

તંત્રીસ્થાનેથી...

કયારેક સવાલ જાગે કે આ દેશમાં અદાલત ન હોત તો એની શી વલે થઈ હોત ! ભાગ્યે જ જીવન અને વ્યવહારને સ્પર્શતો એવો મુદ્દો હશે જેમાં અદાલતનો હસ્તક્ષેપ પ્રતિબિંબિત હોય ! અદાલતો સંસદ જેવી રાષ્ટ્રની સર્વોચ્ચ સંસ્થાથી લઈ નાગરિકના શયનખંડ સુધી પ્રવેશી ન્યાય તોળવાની સત્તા ધરાવે છે. અદાલતી કાર્યવાહીથી પ્રજાએ ચૂંટાયેલા રાજનેતાઓ પણ ફફડતા રહે છે.એ મુખ્યમંત્રીઓ અને પ્રધાનમંત્રી સુધીના નેતાઓને પડકારી શકે છે, આદેશ આપી શકે છે, એમની ચૂંટણીને ગેરકાયદેસર ઠેરવી શકે છે. અલ્હાબાદ હાઈકોર્ટે ઈંદિરા ગાંધીને રાયબરેલીની ચૂંટણીમાં ગેરલાયક ઠેરવ્યા હતાં - તે વખતે ઈંદિરા વડાપ્રધાન પદે ચાલુ હતા ! હમણાં હમણાં અદાલતોની સક્રિયતા વધી ગઈ છે અને રાજકીય નેતાઓને એ આંખની કણીની જેમ ખૂંચે પણછે. પરંતુ બંધારણે ન્યાયપાલિકાને કરોબારી અને વડાપ્રધાન કે રાષ્ટ્રપતિના અધિકારોની બહાર સ્વાયત્તતા બક્ષેલી છે. એટલે ઈચ્છતાં હોવા છતાં વડાપ્રધાન અદાલતની સત્તાઓને કુંઠિત નથી કરી શકતા.સુપ્રીમ કોર્ટના કોલેજિયમની સત્તાને ટૂંપાવવાની કોશિશ થઈ છતાં મહદંશે એમાં નિષ્ફળતા જ સાંપડી છે. લાડકા ન્યાયાધીશોની પદોન્નતિ અને અળખામણા જજોને હાંસિયે ધકેલવાની કેન્દ્ર સરકારની કૂટનીતિ ખુલ્લી પડી ગઈ છે. ગુજરાત હાઈકોર્ટના અણિશુદ્ધ ન્યાયમૂર્તિ જસ્ટિસ આકિલ કુરેશીની પદોન્નતિ મુદ્દે સરકાર દ્વારા થતા રહેલ હસ્તક્ષેપથી સરકારની છાપ ધૂંધળી જ બની છે. પરંતુ આ અદાલતોના શિરે એટલું મોટું ભારણ છે કે હાલની વ્યવસ્થામાં એ સમયસર ચુકાદા આપવામાં સફળ થઈ શકે એમ નથી. વળી રાજકીય સમસ્યાઓથી લઈ પર્યાવરણ અને છેક વ્યક્તિલક્ષી કેસોનો ભરાવો ન્યાયપાલિકાની ઊંઘ હરામ કરતાં રહે છે. એક તરફ મહારાષ્ટ્રનું રાજકીય કમઠાણ ચાલતું હોય છે અને બીજી તરફ દિલ્હીના જળવાયુ પ્રદૂષણનો મામલો હોય. સર્વોચ્ચ અદાલત માટે તો બેઉ સમસ્યાઓનો ઝડપી ઉકેલ જ અગત્યનો બની રહે છે. અયોધ્યા જેવા મુદ્દે અને તીન તલાક જેવા પ્રશ્ને જડબેસલાક ન્યાય તોળનાર અદાલત દિલ્હીના પ્રદૂષણ મુદ્દે એ હદે વિચલિત થઈ જાય છે કે એને દિલ્હીની રાજય સરકાર અને કેન્દ્ર સરકાર બેઉ સામે કઠોર ભાષા વાપરવી પડે છે. દિલ્હી જેવું ઐતિહાસિક મહાનગર અને દેશની રાજધાની ગેસ ચેમ્બરમાં ફેરવાઈ ગયેલ છે. હરિયાણાના ખેડૂતો પરાળ બાળે છે એનો ધુમાડો દિલ્હીનાં ફેફસામાં ઠલવાય છે. વાહનોનું પ્રદૂષણ તો ખરું જ. વળી પેયજળ સર્વેક્ષણમાં દિલ્હી સૌથી વધુ પ્રદૂષિત પાણી પીએ છે - એવો અહેવાલ બહાર આવતાં અદાલત ભડકી ઊઠી છે. ન્યાયમૂર્તિએ દિલ્હી રાજયના સત્તાધીશોને સત્તા પર રહેવાનો નૈતિક અધિકાર નથી એમ કહી ફટકાર્યા છે અને કેન્દ્રને તો એથી પણ વધુ કડક શબ્દો સંભળાવ્યા છે : આમ કટકે કટકે મારવા કરતાં સીધેસીધા બોમ્બ જ વરસાવો ને ! આથી વધુ એ શું કહી શકે ? નઘરોળ શાસકોને આવી શિખામણો અને ઠપકા એક કાને સાંભળી બીજા કાને કાઢી નાખવાની આગવી આવડત હોય છે એટલે એમનું તો રૂંવાડુંય ફરકતું નથી, તે આ દેશની કમનસીબી છે.

'હું તો મારું જે કંઈ હતું એ બધું આપીને આવી છું'

નવાં કલેવર
નટવર હેડાઉ

ભરત ફુવાનું કેન્સરથી મૃત્યુ થયા બાદ બારણા પછી સરોજ ફઈ પહેલી વખત ઘેર આવ્યા હતા.

'ફઈ તમે અહીં આવી ગયાં એ બહુ સારું થયું. ફુવાની મારૂતી અલ્ટો હું રાખીશ. તમને રોજ દ્વારકાધીશના દર્શન કરવા કરવા લઈ જઈશ.' ભત્રીજા ધવલે કહ્યું.

'ફઈબા, તમને તો હું રોજ ખુબ જ યાદ કરતી હતી. તમારું એક્ટીવા મને આપી દેજો. આપણે શોપિંગ કરવા સાથે જઈશું.' ભત્રીજા વહુ કાશ્મીરા બોલી.

હું તો પરણીને આવી ત્યારથી તમારા ભાઈને કહું છું. સોનાનો દોરી કરાવી દો. પણ એ ભગત કથા વાર્તા કરવામાં અને જોશ જોવામાં નવરા પડે તો કંઈ કરેને, સરોજબેન તમારા પાસે તો ઘણું સોનું છે. એવું સાંભળ્યું છે. મારે નવલખો હાર બનાવડાવવો છે હોં ! હવે પાછા ના ન પાડતાં ભાવના ભાભી બોલ્યાં. 'બેટા, આ જૂની જામપરા હવેલીમાં ભીંતોના પોપડાં ઉખરી ગયાં છે. છતમાંથી પાણી પડે છે. હવે તો અમે બધા તારા નવા બંગલામાં તારી સાથે જ રહેવા આવી જઈશું.' માતા હેમલતાએ કહ્યું. 'સરોજ, બેટા, હરદ્વારમાં કથા કરી કરીને થાકી ગયો. ભગવાન તો શું ભીખમાં મળે એટલું જ મળ્યું નથી. હવે તું આવી ગઈ છે એટલે પાસપોર્ટ કઢાવી પરદેશ કથા કરવા જવું છે.' મોટાભાઈ પ્રવિણે કહ્યું. 'બેના, મારી તો હાલત મારા માથા જેવી જ છે.' 'ઉજડે ચમન' મારે માથે ત્રણચાર લાખનું કરજ થઈ ગયું છે. છોકરાને ધંદો કરાવી દેવો છે. પણ હવે તું આવી ગઈ છે. એટલે ચિંતા નથી.' નાના ભાઈ દિનેશે કહ્યું.

'મોટાબેન તમે ખબર છે ને હું તો જીજાજીની કેટલી લાકડી હતી. મારો ઘણી પણ કેન્સરમાં પીડાય છે. છોકરા રખડ્યા કરે છે. પણ હવે તું આવી ગઈ છે એટલે કંઈ ચિંતા જેવું નથી. તારી પાસે બહુ મોટી આશા લઈને આવી છે હોં ! નાનીબેન હીના એ ખુબ લાગણી બનાવી કહ્યું.' સરોજે ખભે ટીંગાડેલ, લેડીઝ પર્સને સરખું કર્યું. પછી પોતાના હાથ વડે દબાવીને બરાબર પકડ્યું. અને ધીમેથી બોલી. 'મારે હવે કેટલું જીવવું છે. જે કંઈ છે એ દઈજ દેવું છે.' વાત કરતાં કરતાં શરીર પર તે ખંજવાડવા લાગી.

'શું થવું છે બેના, ચામડીનો કંઈ રોગ ? આપણે સારા કોઈ સ્પેશ્યિલીસ્ટને બતાવીશું.'નાનો ભાઈ દિનેશ બોલ્ય. 'ચાલો નણંદબા, તમારા માટે ભાવતાં ભોજન તૈયાર છે. રસીલી દાળ ઢોકળી પણ ખાસ બતાવી છે. જૂઓને કેવાં દુબળાં થઈ ગયા છે. પાણીમાં ચણો ચુકાય એમ સુકાઈ ગયાં છો. મને તો તમારી ખુબ જ દયા આવે છે. પણ હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી. આટલા દિવસ તમારા ભાઈના ટૂંકા પેન્શનમાં અમારે જ ખાવાનાં ફાંફા હતા તેમાં તમને કયાંથી ખવડાવીએ પણ હવે તો તમારું અને ભરતકુમારનું બંનેનું બેન્શન આવવાનું તેથી બખ્ખમ બખ્ખાં આપણે બધાં લેર કરીશું.' ભાભી ભાવના બોલી. 'બેટા, આ જમાઈમાંથી તારો છૂટકારો થયો ને ઈ બહુ ભલું કા મારા દ્વારકાવાળાએ કર્યું છે. મેં તો તેને બાવન ગજની ધજા ચડાવવાની માનતા માનેલી છે. ને એકસો એક કુંવાસીઓને જમાડીશ. હું જેમ તેમ કરીને તને મળવા આવતી પણ હવે ચિંતા જેવું નથી. રાજકોટની કોઈ મોટી હોસ્પિટલમાં મારા બેય ટાંટીયાનું ઓપરેશન કરાવવું છે. પછી જો તારામાં કેવી કડેધડે થઈ જાય છે.' મા બોલી.

'અરે, કેટલે દૂરથી આવી છે થાકી ગઈ હશે. જરા પોરો ખાવા દો. પછી હજી અમારે બેંકના કેટલા ધક્કા ખાવા પડશે. ફીક્સ ડિપોઝીટ અને લોકરમાંથી બધું કાઢી લાવવું પડશે. એ માટે બનેલીનું ડેથ સર્ટિફીકેટ નથી એ પણ કંઈક કરીને મંગાવવું પડશે. કેટલાં બધાં કામ છે.' મોટા પ્રવિણે કહ્યું.

'ઓહો ! મોટાભાઈ તમારે તો જમાઈ મર્યો એમાં લોટરી લાગી ગઈ છે. અમને પણ ભાગ આપવો પડશે હોં. ભરતકુમાર કહી ગયા છે.' હીના બોલી. 'હીના ફઈ તમે તો વચ્ચે બોલતાં જ નહીં. તમને આમાં કંઈ ન મળે. બાએ અને પપ્પાએ કેટલો ભોગ આપ્યો છે ત્યારે આ બધું હાથ લાગ્યું છે. સરોજ ફઈના સાસરીવાળાં બધું પડાવી લેવા માંગતા હતા. પણ ઠેંગો લે, ફઈનું એ બધું અમારું કેમકે ફઈબા અમારાં છે ખરું ને સરોજ ફઈ; ભત્રીજા વહુ બોલી.' 'હવે રહેવા દે... રહેવા દે... ચીબાવલી. ઝાઝુ બોલ્યે ગાડાં ભરાય. તું તારી સાસુની સેવા કરતી નથી તે સરોજ ફઈનું શું ધ્યાન રાખવાની હતી. સરોજ ભેગી એના મકાનમાં હું જ રહેવા આવવાની છું. બેય બેનું જલશેથી રહેશું' હીના બોલી. 'ભરતકુમાર કહેતા હતા કે સરોઝને કોઈ મોટો રોગ છે. જેનો કોઈ ઈલાજ નથી. હું તેને મારી સાથે રાખી મંત્રજપ કરી સાજી કરીશ. કદાચ હવન પણ કરવો પડે. એમાં મોટો ખર્ચો થવાનો સમજ્યા, એટલે એની મિલકત પર ડોળો નાંખતાં નંઈ નહીંતર જોવા જેવી થશે.' પ્રવિણે કહ્યું. 'હવે અમને તો બધી ખબર છે. પણ પ્રવિણનું ધ્યાન રાખજે. ભરતકુમારે મરતાં પહેલાં એક છોકરાને દત્તક લીધો છે. આ મિલ્કતનો પહેલો અને સાચો વારસદાર એ જ કહેવાય. બધાને સાથે રાખજે એકલો ડોઝું ભરવા જઈશ તો જેલના સળીયા ગણવા પડશે.' નાના દિનેશે કહ્યું. સરોજ બધાની વાત સાંભળતી હતી. તેણે એક પછી એક બધાંની તરફ માથાથી પણ સુધી નજર ફેરવી. જાણે કે બધાનું માપ કાઢતી હોય એમ લાગ્યું. પછી ધીમેથી બોલી. 'હું તો મારું જે કંઈ હતું એ બધું આપીને આવી છું' આ સાંભળી બધાના ચહેરાના હાવભાવ જોવા જેવા થઈ ગયા. બધાં મોઢું છુપાવતાં આમતેમ સરકી ગયા. સરોજ જાણે કે એકલી અટૂલી ઊભી હતી. સામે દરિયો ઘુઘવતો હતો.

આપણાં ચાહકોની દુવાઓ થકી જ કદાચ આપણી શોહરત ટકી રહી હોય છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

સૌરાષ્ટ્રનાં એક નાના ગામડામાં રહેતા, આઠમા ધોરણમાં અભ્યાસ કરતાં એક તરુણે લગભગ સન. ૧૯૭૫માં એ સમયનાં ફિલ્મ સુપરસ્ટ્રાર રાજેશ ખન્નાની 'અજનબી' જોઈ. એ તરુણે રાજેશ ખન્નાની પહેલી જ ફિલ્મ જોઈ હતી. એ ફિલ્મ જોયા પછી એ તરુણ રાજેશ ખન્નાનો દીવાનો થઈ ગયો. અલબત, રાજેશ ખન્નાનો એ સમય જ એવો હતો કે તરુણો તો શું લાખો યુવાનો અને યુવતિઓ પણ તેના દિવાના હતા.

એ તરુણે પોતાનું દીવાનાપન અભિવ્યક્ત કરવા માટે રાજેશ ખન્નાને તેના જન્મદિન નિમિતે શુભેચ્છા પાઠવતા પોષ્ટકાર્ડ લખવા શરૂ કર્યા. એ તરુણને આમ પણ પોતાનાં મિત્રોને જન્મદિન નિમિતે શુભેચ્છા પાઠવતા પત્રો લખવાનો શોખ હતો જ તેમાં એક સેલિબ્રીટીનો ઉમેરો થયો. પ્રતિવર્ષ એ તરુણ અચૂક, પોતાનાં પ્રિય અભિનેતાનો જન્મદિન યાદ રાખે અને તે નિમિતે પોષ્ટકાર્ડ લખે. આ સિલસિલો નવેક વર્ષ ચાલ્યો. ત્યાં એક દિવસ તેને રાજેશ ખન્નાનો પ્રત્યુતર આવ્યો. રાકેશ ખન્નાએ પ્રત્યુતરમાં લખ્યું હતું કે પોતાને દર વર્ષે નિયમિત રીતે શુભેચ્છના પત્રો મળે છે. તે બદલ આભાર વ્યક્ત કર્યો અને એ પત્ર સાથે એક કાર્ડ મોકલ્યું. સાથે સાથે મુંબઈ પોતાને ઘેર આવવા માટે નિમંત્રણ પણ આપ્યું. એ નિમંત્રણ સાથે એવી સૂચના લખી હતી કે તરુણ જ્યારે પણ મુંબઈ પોતાનાં ઘેર આવે ત્યારે સામેલ કાર્ડ અવશ્ય સાથે લાવવું.

રાજેશ ખન્ના, સુપર સ્ટાર, પોતાના પ્રિય અભિનેતાનો પત્ર, તેનું નિમંત્રણ અને સાથેનું એક કાર્ડ — એ તરુણ જે હવે યુવાન થઈ ચૂક્યો હતો એ તો ગાંડો જ થઈ ગયો. તેની ખુશીનો પાર ન રહ્યો હતો અને એ યુવાન રાજેશ ખન્નાને રૂબરૂ મળવાનાં સ્વપનોમાં રાચવા લાગ્યો. એ યુવાન પણ એટલો જ નસીબદાર કે પોતાના પ્રિય સ્ટારને રૂબરૂ મળવાની એ ઘડી પણ બહુ ઝડપથી આવી ગઈ. પ્રત્યુતર મળ્યા પછી લગભગ દોઢેક વર્ષમાં જ એ યુવાનને કોઈ કામ માટે મુંબઈ જવાનું થયું. યુવાન મુંબઈ ગયો ત્યારે ભૂલ્યા વિના, ખાસ યાદ કરીને રાજેશ ખન્નાએ મોકલેલું પેલું કાર્ડ અને પત્ર સાથે સાથે લઈ લીધા.

મુંબઈમાં એ યુવાનને થોડા દિવસનું રોકાણ હતું. એક દિવસ સમય કાઢીને સવારે સાત વાગ્યામાં એ યુવાન રાજેશ ખન્નાનાં 'આશિર્વાદ' બંગલે પહોંચી ગયો. બંગલાના દરવાજે એક નેપાળી ચોકીદારે તેને રોક્યો. ચોકીદારે કડક અવાજે રોકથી એ યુવાનની પૂછપરછ કરી. યુવાને કહ્યું કે પોતાને રાજેશ ખન્નાને મળવું છે, રાજેશ ખન્નાએ તેને નિમંત્રણ આવ્યું છે. યુવાનની વાત સાંભળીને ચોકીદારે વધારે રોફ બતાવ્યો અને કહ્યું કે અહી તો તારા જેવા રોજ હજારો લોકો આવે છે. એમ કહીને યુવાનને હડધૂત કર્યા.

ચોકીદાર દ્વારા પોતાને હડધૂત થતો જોઈને યુવાને રાજેશ ખન્નાએ પોતાને મોકલેલું 'ટ્રંપકાર્ડ' કાઢ્યું અને તે કાર્ડ ચોકીદારને બતાવ્યુ. કાર્ડ જોઈને તરત જ ચોકીદારની ભાષા બદલાઈ ગઈ. તેનો રોફ ઓગળી ગયો. તેની શરીરની ભાષા નમ્ર થઈ ગઈ અને લળીલળીને, વળીવળીને યુવાનને સલામ કરી. પછી યુવાનની માફી માંગી અને માનભેર, સ્વમાનભેર રાજેશખન્નાનાં બંગલાની અંદર, જ્યાં રાજેશખન્ના બહાર જવા માટે તૈયારી કરતાં હતા ત્યાં લઈ ગયો.

પોતાના પ્રિય અભિનેતા, તેના જ બંગલામાં, પોતાની સામે જ સાક્ષાત્કાર થયેલા જોઈને થોડી ક્ષણો માટે તો યુવાન એ વાતને સત્ય માની જ ન શક્યો કારણ કે તેના હોશ ઊડી ગયા હતા. પોતે એ પણ માની શકતો ન હતો કે પોતાનું સ્વાન સાચું પડયું છે. થોડી ક્ષણો પછી સ્વસ્થ થઈ યુવાને પોતાની ઓળખાણ આપી. યુવાનનું નામ સાંભળીને રાજેશ ખન્ના તેને ભેટી પડયા અને કહ્યું '' તું એક જ એવી વ્યકિત છે કે જે ઘણા વર્ષોથી સતત મને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવે છે.'' રાજેશ ખન્નાએ યુવાનનાં ખબર અંતર પૂછ્યા, યુવાન શું કરે છે તેના વિષે પૂછ્યું, મુંબઈ આવવાનું પ્રયોજન વિષે પુચ્છા કરી અને યુવાનને પોતાના જ બંગલે રોકાઈ જવા આગ્રહ કર્યો. રાજેશ ખન્નાએ પોતાના સેક્રેટરીને સૂચના પણ આપી કે યુવાનને બંગલો બતાવો, તેની ખાવા-પીવાની અને રોકાણ કરવું હોય તો તેની વ્યવસ્થા કરો. થોડીવાર એ યુવાન સાથે વાતો કરી ને પછી રાજેશ ખન્નાએ શૂટીંગ માટે મહાબળેશ્વર જવા માટે નીકળવાનું હોય, યુવાનની માફી માંગી, રજા લઈ તે નીકળી ગયા. પાછળથી સેક્રેટરીએ યુવાનની યથાયોગ્ય આગતા-સ્વાગતા કરી.

યુવાનની રાજેશ ખન્ના સાથેની એ મુલાકત પછી પણ જન્મદિન નિમિત્તે પોષ્ટકાર્ડ દ્વારા શુભેચ્છા પાઠવવાનો એ સિલસિલો સુધી ચાલુ જ રહ્યો હતો.

ત્યાર પછી સન. ૧૯૯૬માં એક સવારે પેલા યુવાનને તેના અમદાવાદના એક મિત્રનો ફોન આવ્યો અને તેમની સાથે બપોરનું ભોજન લેવાનું નિમંત્રણ આપ્યું. તે સમયે તે યુવાન ગાંધીનગરમાં જ રહેતો હતો. પેલા મિત્રએ ખૂબ જ આગ્રહ કરીને કહ્યું કે ભોજન માટે ખાસ આવવાનું જ છે. બપોરે ભોજન સમયે યુવાન એ મિત્રને ત્યાં ગયો. યુવાનના આશ્ચર્ય વચ્ચે એ સમયે ભોજન સમારોહમાં પોતાન પ્રિય સ્ટાર રાજેશ ખન્ના ત્યાં ઉપસ્થિત હતા. યુવાનના મિત્રએ રાજેશ ખન્નાના માનમાં ભોજન સમારોહનું આયોજન કર્યું હતું અને રાજેશ ખન્નાએ જ પેલા મિત્રને પોતાને નિમંત્રણ આપવા સૂચના આપી હતી. એ સમયે રાજેશ ખન્ના ગાંધીનગરમાંથી લોકસભાની ચૂટણી લડતા હતા અને પ્રચારાર્થે અમદાવાદ આવ્યા હતા.

રાજેશ ખન્ના પોતાના અંતિમ દિવસોમાં પથારીવશ હતા તે દરમ્યાન પણ તેના સાજા થવાની શુભેચ્છા આપતા પત્રો યુવાન લખ્યા કરતો. એક દિવસ કોઈ એક આર્યુવેદિક દવાનું પણ યુવાને સૂચન કર્યું હતું. તેના પ્રતીભાવરૂપે રાજેશ ખન્નાની દિકરીએ (અક્ષયકુમારની પત્ની) પણ એ યુવાન સાથે ફોન દ્વારા બે-ચાર વખત વાતચીત કરી અને એ દવા વિષે વધુ માહિતી મેળવી હતી.

એ તરુણ. એ યુવાન અને આજે પ્રૌઢ અવસ્થાએ પહોંચેલી વ્યક્તિ એટલે ગાંધીનગરમાં રહેતા મનસુખ કાશીપરા. રાજેશ ખન્ના જીવ્યા ત્યાં સુધી તેમણે શુભેચ્છાનાં પોષ્ટકાર્ડ લખવાના ચાલુ રાખ્યા હતા.

ધૂમકેતૂની વિશ્વ પ્રસિધ્ધ વાર્તા 'પોષ્ટ ઓફિસ'માં પોતાની દીકરી મરિયમના પત્રની રાહ જોતા જોતાં અલીડોસા મૃત્યુ પામે છે. અલીડોસાની વેદનાને પોસ્ટ માસ્ટર સમજી શક્યા ના હતા. જ્યારે પોસ્ટ મસ્તરને પણ પોતાની દીકરીના પત્રની રાહ જોવી પડે છે ત્યારે તેને એક પોસ્ટકાર્ડની કિંમત સમજાય છે. પોસ્ટ માસ્તરની વેદના વ્યક્ત કરતાં ધૂમકેતુ લખે છે ''દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટમાસ્તર આજે એકીનજરે એ તરફ જોઈ રહ્યા છે ! કવર એટલે એક આનો ને પોસ્ટ્કાર્ડ એટલે બે પૈસા એ દ્રષ્ટી ચાલી ગઈ છે. ઠેઠ આફ્રિકાથી કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું ? પોસ્ટમાસ્તર વધારે ને વધારે ઊંડા ઊતરે છે.'' પોષ્ટકાર્ડ વિષે વાર્તામાં લખેલા ધૂમકેતુના શબ્દોને આ યુવાન અને રાજેશ ખન્નાના સંબંધોએ સાચા ઠેરવ્યા અને પોષ્ટકાર્ડની સાચી કીમતી સાબિત કરી.

રાજેશ ખન્નાના અસંખ્ય પ્રશંશકો અને ચાહકો હતા. એ અસંખ્ય ચાહકોમાં પેલા યુવાન જેવા કદાચ બહુ ઓછા હશે. કદાચ એ વાતની રાજેશ ખન્નાને ખબર હતી અને તેથી જ તેણે પેલા યુવાનની કદર કરી. પોતાના સાચા પ્રશંશક કે ચાહકનું મૂલ્ય સમજવું અને તેને પૂરું માન-સન્માન આપવું એ પણ આપણાં જીવનનું એક મૂલ્ય છે. આપણાં સૌના પણ કેટલાયે પ્રશંશકો અને ચાહકો હોય શકે છે. એ ચાહકોની કદર કરવી આપણી ફરજ બને છે. આપણાં ચાહકોની દુવાઓ, શુભેચ્છાઓ અને પ્રાર્થનાઓ થકી જ કદાચ આપણી શાન અને શોહરત ટકી રહી હોય એવું બને. કદાચ તેના થકી જ આપણું એશ્વર્ય ઝળહળતું રહેતું હોય એવું બને. આપણે ભલે રાજેશ ખન્ના જેટલી શોહરત ના કમાઈ શક્યા હોઈએ પણ જે કઈ કમાયા હોઈએ તેની પાછળ ભલે થોડા ઘણા પણ આપણાં પ્રશંશકો અને ચાહકોના આશીર્વાદ હોય છે એ ન ભૂલીએ.

આપણાં પ્રત્યેની લોકોની ચાહતને ત્રાજવે તોળી ના શકાય. તેને સોનાના કેરેટની જેમ ચકાસી ના શકાય. તેઓની ચાહત બે-હિસાબ હોય છે. એ ચાહત એક ભાવના હોય છે, એક પ્રકારનો અદ્રશ્ય પ્રેમ હોય છે. તેનું જો યોગ્ય સમયે, યોગ્ય સન્માન કરીએ તો કદાચ સો, હજાર, કે લાખો ચાહકોમાંથી એકાદના આશીર્વાદ આપણાં ઉપર ઉતરી પડે અને આપણે ધન્ય થઈ જઈએ. કદાચ એકાદ ચાહક સાથે આપણાં કાયમી સંબંધો બંધાઈ જાય તો એ સંબંધ ક્યારેક અમુલ્ય સાબિત થઈ જાય. ચાલો, આપણાં ચાહકો અને પ્રશંશકોને પણ આપણે પ્રેમ કરતાં થઈ જઈએ.

વૈશ્વિક હંગર ઈન્ડેક્સમાં ભારતની સ્થિતિ ચિંતાકારક

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સુખદ સ્મિત અને નિખાલસ હાસ્ય આજના વિશ્વમાં દુર્લભ થઈ રહ્યા છે. સ્મિત આપવાની માનવીની કંજૂસાઈ ખરેખર મનને અકળાવનારી બને છે. જીવનના અવિરત સંઘર્ષમાં સ્મિતનો દીવો જલતો રાખવાની ખેવના જ હવે ખોવાઈ ગઈ છે. બધાને એવું જ લાગી રહ્યું છે કે દુઃખ બધા તેમને જ મળી રહ્યા છે અને બીજા બધા સુખ પામી રહ્યા છે! સુખથી જ સ્મિત સર્જન થાય છે કે સંતોષનાં અહેસાસથી એ પણ ચિંતન કરવાની બાબત છે. માણસની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે રોટી,કપડા અને મકાન પ્રાપ્ત થઈ જાય પછી જીવનમાં મહેસૂસ થતી કમી કે ગ્લાનિ શું કમ થઈ જાય છે ખરી ? આખરે દો દિન કી જિંદગી માં માણસને જોઈએ છે શું ? આ પ્રશ્ન જ મુખ્ય હોય છે. હવે આર્થિક દૃષ્ટિથી જ બધું માપવામાં સમજવામાં કે જોવામાં આવે ત્યારે સમાજ આવક મેળવવાના નવા નવા રસ્તા શોધવામાં એવો પાગલ થઈ ને જોતરાઈ જાય છે કે સારા નરસા તત્ત્વો અંગે રહેતી આંતર જાગૃતિને પણ એ ભૂલી જાય છે માટે કૌભાંડ રચાયા જ કરે છે. સમાજ માત્ર નાણાંથી સમૃદ્ધ થયેલો ને માન સન્માન આપે છે. તેથી સ્થિતિ વધુ વસણી જાય છે. સામાજિક જીવનના તમામ પાસાઓને આવકના સ્તર સાથે સતત અનુસંધાન રહે છે એટલે જ સમસ્યા સુંદર નહીં પણ વિકૃત થઈ જાય છે. હાલમાં જ ગ્લોબલ હંગર ઈન્ડેક્સ ૨૦૧૮ જાહેર થયો તેમાં ૧૧૯ દેશોમાં ભારતનું સ્થાન ૧૦૩ છે. આ ઈન્ડેક્સ વૈશ્વિક કક્ષાનાં એનજીઓની સહાયતાથી તૈયાર કરવામાં આવે છે. અને આ અહેવાલ મુજબ ભારતમાં હંગર ને લઈને સ્થિતિ સારી નથી. સાઉથના પછાથ રાષ્ટ્રોની હાલત પણ ઘણી ખરાબ છે. ભારતની અંદર ભુખ અને તેનાથી દુઃખની હાલત હજી પણ ઉમદા નથી તો એવું શા માટે છે ? એ જ મુદ્દે ચિંતન કરવાની જરૂરત ઊભી થઈ છે. પ્રથમ મુદ્દો દેશમાં વસ્તી વૃદ્ધિમાં સતત ઉમેરો થઈ રહ્યો છે. બીજી આપણી જાહેર વિતરણ વ્યવસ્થાતંત્ર (પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ)માં અનેક ખામીઓ છે!!

છેવાડાના ગરિબ પરિવારો સુધી નકકી કરેલા અનાજ વગેરે નિયત કરેલા માપદંડ મુજબ પહોંચતા નથી અને તેમાંયે ડિ